ફક્ત જરૂર છે, કચ્છમાં આવેલી લોકજાગૃતિને વધુ વેગ આપી, હજી મોટા પ્રમાણમાં વૃક્ષો વાવવાની, આપણે આપણાં જીવનમાં જન્મથી મૃત્યું સુધી સંખ્યાબંધ વૃક્ષોનો ઊપયોગ કરતા હોઈએ છીએ, પણ એક પણ વૃક્ષ વાવતા નથી. એટલે આપણાં જીવનમાં આવતા દરેક પ્રસંગોએ એક એક વૃક્ષ કચ્છમાં ઠેકઠેકાણે ચાલી રહેલી "વૃક્ષ દત્તક" યોજનાંમાં જોડાઈને આર્થિક મદદ વડે વૃક્ષો ઉગાડીએ.

આથી ગામે ગામ તડકામાં ઉભી રહેતી ગાયોને છાંયડો તથા પક્ષીઓને આસરો મળતાં જીવદયાનું એક મહાન કાર્ય થશે, જે સૌથી મોટું પુણ્યંનું કામ છે. આપણો જીવદયાપ્રેમી સમાજ આ કાર્યમાં અચુક જોડાશે અને પોતપોતાનાં ગામમાં તેમજ પાંજરાપોળો અને તીર્થસ્થાનોમાં વૃક્ષ દત્તક યોજનાં મારફત કચ્છને લીલુંછમ બનાવવા પોતાનો યથાશક્તિ ફાળો જરૂર આપશે, જેથી વારંવાર પડતો દુષ્કાળ હંમેશને માટે વિદાય લેશે.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ, રતનવીર નેચર કયોર સેન્ટર, ગામ : બિદડા, તા. માંડવી-કચ્છ. પીન ૩૭૦ ૪૩૫ ફોન : ૦૨૮૩૪-૨૪૪૪૪૪, ૨૪૪૧૪૩.

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ, જીનેશ્વરધામના આ મહિનાના અતિથિ વિશેષ શેઠ શ્રી ચંદ્રકાંત નાગરદાસ શાહ છે.

❖ **સોનગઢ આશ્રમ :** આપણા જૈન સાધુ ભગવંતોએ સ્થાપેલ શ્રી મહાવિર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ (ભાવનગર). મધ્યે હાલે ૪૨૨ બાળકો મા-બાપ પાસેથી એક પણ રૂપીયાનો ખર્ચ કરાવ્યા વગર ધોરણથી ૬થી કોલેજ સુધીનો અભ્યાસ ગુજરાતી તેમજ ઈંગલીશ માધ્યમથી કરે છે. સાધુ ભગવંતોના આશીર્વાદથી બાળકોને માનવમાંથી મહામાનવ બનાવવા અત્રે અભ્યાસ પૂર્ણ કરીને પોતાના ધંધામાં સ્થીર થયેલ આધવિદ્યાર્થીઓ પોતાના કામકાજમાંથી સમય ફાળવીને માતૃસંસ્થાને તન-મન અને ધનથી સેવા

કરવા એક-બેજાથી હરીફાઈ કરે છે. અને સમય-સમય પર આશ્રમની મુલાકાતલઈ દરેક પ્રવૃતિની માહીતી મેળવીને સ્થાનિક કાર્યકરો સાથે ચર્ચા-વિચારણા કરી ઘટતુ પૂર્ણ કરાવવા પ્રયત્નશીલ રહે છે. સોનગઢ આશ્રમ બાળકના રક્ષણ સાથે શીક્ષણ, ટ્યુશન, ધાર્મીક અભ્યાસ, પોષ્ટીક અહાર, કપડા, સાબુ, તેલ, રમત-ગમત માટેના સારા નિષ્ણાંત કોચ, બાળકને ગમતા સબજેક્ટ માટેની ટેસ્ટ લેબો. કમપ્યુટર જ્ઞાન સાથે કોલેજ સુધીનું ભણતર માટે વાર્ષીક રૂપીયા ૨ કરોડ આસ પાસ ખર્ચ કરે છે. તે બદલ આપણો કચ્છી જૈન સમાજ આર્થીક મદદ માટે મગરૂબી અનુભવે છે. હૈદ્રાબાદ-સીકંદ્રાબાદ શહેરો તથા નજીકમાં રહેતા આપણા કચ્છી જૈન બાંધવો પોતાના બાળકોને સોનગઢ આશ્રમમાં દાખલ કરાવવા બદલ જોઈતી માહીતી શ્રી રમણીક કાપડીઆ મોબાઈલના ૯૩૯૩૨૪૪૨૨૭ મેળવીલે. બાળકને દાખલ કરવા માટેનો ફાર્મ ભરીને મુંબઈ દાદર (Central) મધ્યે આશ્રમની ઓફીસે મોકલવાનું રહે છે. ફાર્મ દર વર્ષે ફેબ્રુઆરી માસ સુધીમાં મોકલવાનું રહે છે.

❖ **શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ હૈદરાબાદ :** સંઘ દ્વારા પર્યુષણનાં પાવન પર્વો દરમ્યાન ધર્મ આરાધનાનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમા મુંબઈથી સુશ્રાવકો શ્રી દીપકભાઇ પ્રેમજી સંઘોઇ અને શ્રી હિરેનભાઇ રમણીકલાલ માલદે પધારેલ. એમનાં નવ દિવસના રોકાણ દરમ્યાન સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી વિવિધ પ્રકારની ધાર્મીક આરાધના કરાવવામાં આવી, જેમાં નાના બાળકો તથા સર્વ ભાઇ બહેનોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.

આ જ્ઞાન શિબિરમાં જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાન્તો તથા ધર્મ તત્વ દર્શનની પ્રાથમિક કેળવણીનું શિક્ષણ આપવાનો મૂળ ઉદેશ્ય હતો. કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો.

---

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **સગપણ** | હેનલ પંકજ વલ્લભજી સાવલા | નવાવાસ | હૈદરાબાદ |
| | ગૌરવ કીર્તિકુમાર નાનજી ગાલા | લાખાપર | હૈદરાબાદ |
| | પ્રિયંકા નીતીન ભવાનજી હેણિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| | અંકુર પ્રવિણ વરજાંગ ગાલા | ડુમરા | મુંબઈ |
| | તેજલ હસમુખ કાપડીયા | પત્રી | હૈદરાબાદ |
| | તુષાર દીપક રતનશી ગોસર | વીઢ | માલેગાંવ |
| **લગ્ન** | હિતેશ વીનીત ભવાનજી હેણિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| | વૈશાલી વસંત હેમરાજ ગોસર | દેવપુર | વિજયવાડા |
| **પુત્ર જન્મ** | વિવાન તેજકિરણ હરિશ શામજી મોમાયા | વારાપધર | હૈદરાબાદ |
| | સોનલ પ્રશાંત માવજી ગાલા | દેશલપર | હૈદરાબાદ |
| | મયુર ખુશાલ ગડા | ભોજાય | હૈદરાબાદ |
| | ભવ્યા સમીર મણીલાલ ગડા | સાભરાઈ | હૈદરાબાદ |
| **અવશાન નોંધ** | ગુણવંતીબેન ભવાનજી ધરોડ, ઉ. ૬૩ | પત્રી | હૈદરાબાદ |

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : **હરિલાલ ભીમશી સાવલા**

આ પત્રિકા મળતા પર્યુષણ પર્વ સમાપ્ત થયા હશે. સૌ સભ્યો પરિવારમાં પર્વમાં ધર્મ-આરાધના સારી રીતે થઈ હશે. તપસ્વી ભાઈ-બહેનોને અમારા અભિનંદન. સંવત્સરી સંબંધી આપ સૌને અમારા માનવમિત્ર સમિતિના સર્વે સભ્યો તરફથી મિચ્છામી દુક્કડમ સ્વીકારશો.

## અંતિમ પળે

દફન કરો, બાળો કે હવાલે કરો ગીધડાને મને
શું ફરક પડશે, આ દેહને છોડી ગયો છું હું.
ભલે ચઢાવો ચંદન કાષ્ટ કે ચંદન હાર મને,
વિખરાઈ ગયા જેના મોતી, એવો દોરો થઈ ગયો છું હું.
પ્રાર્થના સભામાં ભલે શ્રદ્ધાંજલિઓ આપો મને,
રોકો અશ્રુ નયનથી, ઊંધો ઘડો થઈ ગયો છું હુ.
મરઘટ લાંબે હશે ઘણું, થાકયા હશો ઉપાડીને મને,
આ-પાણી કરોનિરાંતે, સમયથી પર થઈ ગયો છું હુ.
હવે તો કાયદેસર છે, આપો અગ્નિ ખુલ્લે આમ મને,
ચિંતા કરી ના કરશે તમે, ક્યારનો ખાખ થઈ ગયો છું હું.
થોડા ઘસરડા, થોડા ઉઝરડાં, ભલે કર્યો નિર્યંખ મને,
ઉપકાર છે તમારો, વ્યોમે ઉડતો થઈ ગયો છું હું.
હાલ બેહાલી જોઈને વિશ્વાસ જ ઊઠી ગયો હતો મને,
માનો યા ના માનો, ઈશ્વરમાં માનતો થઈ ગયો છું હું.

મરનારની ચિતા ઉપર, ચાહનાર કોઈ ચઢતું નથી, કહે મરીશ પણ એમ કોઈ કરતું નથી, જુએ છે દેહને બળતું પણ એ આગમાં કોઈ બળતું નથી, અરે ! આગને તો શું, એની રાખને પણ કોઈ અડતું નથી. તો ચાલો, એ પહેલાં જ આ માનવ દેહમાંથી ચક્ષુદાન અને દેહદાન કરી જીવનને સાર્થક કરીએ.

સંકલન : **શ્રી પંકજ વલ્લભજી સાવલા**

**મૂઠીભર અનાજ યોજના :** ગત માસમાં ચોખા કુલ ૪૦૦ કીલો અને દાળ કીલો ૭૫ પ્રાપ્ત થયા છે. ચોખા કિ. ૨૫ : શ્રીમતી સુસીલાબેન દામજી માવજી સાવલા તરફથી મળ્યા છે. ઉપરોક્ત અનાજ વિવિધ આશ્રમમાં વિતરણ થયા છે.

**જાનવરોની વયાવચ્છ :** નાગ પંચમી ના દિવસે સંસ્થાના કાર્યકર્તાઓએ કુલ્લ ૨૭ નાગ (સાપો) ને છોડાવીને તેમની ટ્રીટમેન્ટ કર્યાબાદ - જંગલમાં છાડોવામાં આવશે.

૧૫ ઑગસ્ટ ૨૦૧૩ : માનવમિત્ર સમિતિના મૂઠીભર અનાજના વોલીન્ટર ભાઈ-બહેનો તથા શ્રી હિતેનભાઈ સંઘોઈના નેતૃત્વ હેઠળ **“એક શામ સ્ટ્રીટ ચીલ્ડ્રન કે સાથ”** આશ્રમમાં એક કાર્યક્રમનો આયોજન કરેલ. આશ્રમના નાના બાળકો-બાળાઓને રમતગમત સંગીતનો કાર્યક્રમ રાખેલ કાર્યક્રમ બાદ-આશ્રમના બાળકોને ગીફ્ટસ આપવામાં આવેલ ત્યાર હાજર રહેલા આપણા સમાજના સભ્યો. માનવ મિત્રના સભ્યો તથા વોલીન્ટરો ભાઈ-બહેનોને સાંજનું જમણ રાખેલ. ગીફ્ટસ શ્રી મીતેશ જગદિશ ગાલા તરફથી આપવામાં આવેલ તે બદલ તેમનો અન્યંત આભાર.

**અવસાન નોંધ :** માતુશ્રી લક્ષ્મીબેન શામજી લાલકા ઉ.વ. ૮૪ ગામ વાંકુ. અંતિમક્રિયા - પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયેલ.

## આવેલ દાનની વિગત - માનવ મિત્ર સમિતિ

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ રૂા. જાનવરોની વૈયોવચ્ચ | જીવદયા રૂા. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂા. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| પ્રીતી પારસ શાંતિલાલ- મુરાદાબાદ | - | ૧૦૦૦ | ૨ | - | - | - |
| હેમલતાબેન ભવાનજી ધરોડ (સ્વ.ગુણવંતી ભવાનજી ધરોડના સ્મર્ણાર્થે) | - | - | ૩ | - | - | - |
| સરલા ભૂપેન્દ્ર વીરા (સ્વ.ગુણવંતી ભવાનજી ધરોડના સ્મર્ણાર્થે) | - | - | ૨ | - | - | - |
| શ્રી સતીષ ઉમરશી નાગડા, નલ્લાકુન્ટા | - | - | ૧ | - | - | - |
| સ્વ.સાકરબેન ડુંગરશી મારૂ હ : શ્રી વિપુલ શાંતિલાલ મારૂ | - | - | ૨ | - | - | - |
| કુ.યાના હેમલ ગાલાના જન્મદિન નિમિત્તે હઃમનહર ચુનિલાલ ગાલા | ૫૦૦ | ૭૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૧ |
| શ્રીમતી પ્રભાબેન જયચંદ બોરીચા | - | ૧૧૦૦૦ | ૫ | ૨૫૦૦ | ૫૦૦૦ | - |
| શ્રી નયન ભૂપેન્દ્ર વીરા (સ્વ. ગુણવંતી ભવાનજી ધરોડના સ્મર્ણાર્થે | - | ૫૦૦ | - | - | - | - |
| સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા ના ત્રીજી પુણ્યતીથી નિમિત્તે | - | ૧૧૦૦ | - | - | - | - |
| શ્રીમતી ચંદ્રાબેન હરિલાલના જન્મદિન પ્રસંગે | ૫૦૦ | - | - | - | - | - |
| પારસ ભૂપેન્દ્ર વીરા (સ્વ. ગુણવંતી ભવાનજી ધરોડ ના સ્મર્ણાર્થે) | ૫૦૦ | - | - | - | - | - |


# Ayurvedic (Weight - Loss) Medicine

**20 Days Medicine - only Rs. 350/-**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (JAUNDICE) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC MEDICINE ANY (BODY PAIN) 20 DAYS ONLY RS. 350/-
- MEDICINE (HIGHT), (BODY), (PERSONALITY) 30 DAYS ONLY RS. 350/-
- MEDICINE FOR (SMOOKING), (DRINKING) AND (TUBACCO PRODUCT)
- MEDICINE FOR ANY SKIN DISEASES

Res. : 3-4-760/1/402, Amrit Chaya Aprt., Barkatpura, Street No. 10, Opp. Food World Lane, Opp. Andhra Yuvati School, Near E-Seva, Hyderabad - 500 027.

**Ashwin V. Bhatia : Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)

# વિવિધા

## વનમાં પ્રવેશ એટલે મનમાં પ્રવેશ

આપણા શાસ્ત્રકારોએ માનવીના સામાજિક જીવનને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણોમાં તેમજ એના વૈયક્તિક જીવનને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રત્થ અને સન્યાસ એમ ચાર-આશ્રમામાં વહેંચી નાખ્યું છે.

પ્રથમે નાજિતા વિધા, દ્વિતીયે નાજિતં ધનમ<br>
તૃતીયે નાજિતા ભક્તિ, ચતુર્થ કિં કરિયતિ ?

જેણે પ્રથમ (બ્રહ્મચર્ય) આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત ન કરી; દ્વિતીય (ગૃહસ્થ) આશ્રમમાં ધન ન મેળવ્યુ તેમજ તૃતીય (વાનપ્રસ્થ) આશ્રમમાં ભક્તિ ન કરી તે સન્યાસ આશ્રમમાં શું કરશે ?

આજે માણસ કેળવણ તો પ્રાપ્ત કરે છે. ધનોર્પાજનમાં પણ પાછો પડતો નથી. પરંતુ ત્યારબાદ દિશા બદલવે એ દોડધામથી સ્વેચ્છાએ પાછો વળતો નથી. પાછા વળવાની કળા માણસે - વાન પ્રરથાશ્રમમાં હસ્તગત કરી લેવી જોઈએ.

પચાસ વર્ષે માણસનો વનપ્રવેશ થાય છે. પચાસથી સાઠ એ દશ વર્ષના ગાળામાં માણસે પોતાના જીવનને યોગ્ય વળાંક આપી દેવો જોએ. પોતાના હાથમાં રહેતી સતા અને સંપતિનો સમાજની સેવા કરતો એ ઈશ્વરને પામવાની અભિલાષા સેવે છે.

આપણે બધા પણ જીવનમાં પચાસ વર્ષ આમલીના ઝાડ (ભોગ-સ્વર્ભ-પ્રવૃત્તી)ને સેવીએ છીએ. પરીણામે આપણુ હીર ચુસાઈ જાય છે. પરંતુ પચાસ પછી માણસે લીમડાનો ઝાડ (ભક્તિ-પરમાર્થ,નિવૃતિ)ને સેવવુ જોઈએ વાનપ્રસ્થ જીવન સારું બનાવવુ હોય તો મન પ્રભુચરણે સમર્પિત કરવું જોઈએ.

વનમાં સિંહ છે તો મનમાં અહંકાર છે. વનમાં વાધ છે તો મનમાં ક્રોધ છે. વનમાં હાથી છે તો મનમાં મદ છે. વનમાં શિયાળ છે તો મનમાં લુચાઈ છે. વનમાં સંસલુ છે તો મનમાં બીકણ પણું છે. વનમાં પ્રાણીઓને જીતવા શૌર્ય, જોઈએ તો મનના વિકારોને જીતવા સંયમ જોઈએ. ભક્તિ જ આપણા મનમાં શૌર્ય અને સંયમ એક સમયાવચ્છે દે પ્રગટાવી શકે છે. તૃતીયાશ્રમમાં ભક્તિથી સમાધાન પામેલો જીવન પછિ ચતુર્થાશ્રમમાં મુક્ત થઈ મહાલતો હોય તેમા શું આશ્ચર્ય ?

**સંકલન : વલભજી મેઘજી સાવલા**

## પ્રભુ આગમન

અમ ઘેર પ્રભુજી પધાર્યા, તમે દર્શન કરવા આવજો રે લોલ...<br>
ચુના માટીનો ઘર અમારો, આરસપાણનો મંદીર બનીગયો,<br>
તમે મંદિરને સજાવવા આવજોરે લોલ...<br>
અંતરના ઉર્મીથી ભજવીએ ભાવના, તમે ભાવનામાં પધારશો રેલોલ...<br>
ઢોલ શરણાઈના સુરથી, ભાવનામાં રંગત લાવશુ, તમે ગરબે ઘુમવા આવજોરે લોલ...<br>
ચોવિસે ચોવિસે કલાક, દિવસ અને રાત, પ્રભુ મેહરથી અમો ભીંજાતા રહી છીએ...<br>
એક વાર તમે પણ પ્રભુજીને, મલકતા જો જો રે લોલ...

**હંસકુમાર રાયચંદ સાયલા**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

---

## Upto 20% Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

## Goel Distributors

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

## સાસરે સૌના દિલમાં રાજ કરે એ સાચી સૌભાગ્યશાલી....?

એક વડીલની દિકરી લગ્નબાદ એક વર્ષ પછી પિયર આવી. આ બાપે નોંધ્યુ કે દિકરી ધરમૂળથી બદલાઈ ગઈ હતી. બાપને એ ન ગમ્યુ. તે બોલી ઉઠયો અરેરેરે... દિકરી તું સાસરે શું ગઈ, ઘરમુળથી બદલાઈ ગઈ. મને તો એવું લાગે છે કે તું કોઈ પારકી છે, મારી દિકરી નથી...

દિકરીએ જવાબ આપ્યો તે ધ્યાન થી સાંભળો. પપ્પા દિકરીને એટલેજ પારકી થાપણ કહેવામાં આવે છે. દિકરીનો ધર્મજ પરિસ્થિતિ સાથે અનુકુલ સાધીને જીવવાનો છે. જોરદાર પવન ફુંકાય ત્યારે લીલું ઘાસ જમીન સાથે દબાઈ જાય છે તેથી તે ટકી રહે છે. આ નિયમ સંસારમાં પણ લાગુ પડે છે. મારો પતિ બહુ ક્રોધી સ્વભાવનો છે. તેની દિમાગમાં ક્રોધનો જવાળામુખી ફાટે ત્યારે હું લીલા ઘાસ જેવું વર્તન કરું છું. તેમનું મગજ ઠંડુ થાય પછી હું વાણીમાં પ્રેમ લાવી શાંતિથી તેમને મારી વાત સમજાવું છું. તેઓ માની જાય છે. પપ્પા મેં મારી ડાયરીમાં એવા અનેક પ્રસંગો નોંધ્યા છે જેમાં પહેલા એમણે સાફ ના પાડી હોય પછી અંતે મારી ઈચ્છા પ્રમાણે જ કર્યું હોય તેમનો પારો ટોચ પર હોય ત્યારે મારી વાત સમજાવવા દલીલો કરું તો તેમનો અહમ્ ઘવાય અને તેમને લાગે કે હું તેમની સામે બોલું છું એથી વાત વણસ્યા વિના ના રહે. પપ્પા, દાંપત્યના આવા ગણિત દીકરીઓને ગળથુથિમાં જ મળ્યા હોય છે. એના પ્રતાપે સંસારના લાખો ચૂલા જલી રહ્યા છે. પપ્પા, મેં ઘણા પુસ્તકો વાંચયા છે. તેમાંથી જાણવા મળ્યું છે કે પ્રેમ કરવો સહેલો છે. પરણવું પણ સહેલું છે. પણ સંસારમાં સૌની સાથે પ્રેમપુર્વક જીવી જવું બહુ અઘરું છે. હું એ અઘરી બાબતને પાર પાડવા મથી રહી છું. એથી મારે આપણા ઘરની રીતરસમોને તિલાંજલી આપી તેમની જીવનશૈલી મુજબ મારા જીવનને ઢાળવું પડ્યું છે. કોઈનું હ્રદય પરિવર્તન કરવા માટે પહેલાતેનુ હ્રદય જીતવું પડે. અને તે માટે તેની સારી નરસી બધી વાતો અપનાવવી પડે. પછી તેમને આપણા ઢાંચામાં ઢાળી શકાય. આજ સુધી કોઈ દિકરી સાસરિયામાં પિયરિયાનો કક્કો ખરો કરાવીને સફળ સંસાર લક્ષ્મી બની શકી નથી. છુટા છેડા લેતા પહેલા આ વાત ખુબ વિચારવા જેવી છે. મારી બહેનો આ જરૂર વાંચજો અને આપનાવજો. મંગલમંદિર માંથી સાભાર...

સંકલન : **લક્ષ્મી મણીલાલ નાગડા**

### ક્ષમા

ક્રોધ આગ છે, ક્ષમા પાણી છે !
ક્રોધ તપતી રેતી છે, ક્ષમા શીળી સરવાણી છે !
ક્રોધ રોગ છે, ક્ષમા ઉપચાર છે !
ક્રોધ અંધકાર છે, ક્ષમા અજવાસ છે !
ક્રોધ કમજોરી છે, ક્ષમા સક્ષમતા છે !
ક્રોધ કચરો છે, ક્ષમા રત્નોનો ઢગલો છે
ક્રોધ માં તિરસ્કાર છે, ક્ષમામાં પુચકાર છે
ક્રોધ શ્યામ રાત છે, ક્ષમા સોનેરી પ્રભાત છે.

સાફદિલ અને સ્વચ્છ અન્તઃકરણ થી માફી (ક્ષમા) માંગીલેવામાં બહુજ લાભ છે...

તુટી ગયેલા કે તરડાઈ ગયેલા સંબંધો પાછા સંધાઈ જાય છે... અને અકસર એ સંબંધો ગાઢ મજબુત બને છે. સંબંધો ની ઈંટો વચ્ચે માફી (ક્ષમા) સિમેટીંગ નુ કામ કરે છે.

**લહેરચંદ ટોકરશી લોડાયા**

am2pm

**Tours & Travells**

**Rent a Car : Local Sight Seeing, Marriages, Out Station Booking etc.**

**Special Packages for : Kulpakji, Srisailam, Tirupathi, Shirdi other Pilgrim Centres, Ramoji Film City, Local City Sight Seeing etc.**

**Cars Available : Tata Indica, Tata Indigo, Innova, Tempo Traveller, Qualis**

**for Booking please contact :**

**Mob : 93936 12263, 77998 48697**

**email : am2pmtoursandtravells@gmail.com**

**Shop No. 36, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad 500 095.**

(જા.પ.)



Iksita

Sarees
Lehangas
Kurtas
Designer Suits
Tunics
Western Outfits
Custom made Outfits
Designer Blouses

*Hiral Hardik Gala*
*Hiral Jitendra Gala*

4-3-53/54,
K.S. Lane,
Raghunath Bagh,
Sultan Bazar,
Hyderabad - 500 095.
**9502699988**
**9966572644**

(જા.ખ.)

## પરિવારની બ્રેક

બ્રેક વગરની સાઈકલ પર કોઈ સવારી કરતું નથી, બ્રેક વગરનું સ્કુટર ખુબ સસ્તું મલતું હોય તો પણ કોઈ ખરીદતું નથી, મોટર કે બસ ચલાવતાં પહેલા ડ્રાઈવર પણ ચેકીંગ કરી લે છે કે બ્રેક બરાબર છે કે નહીં ?

વાહનની બ્રેક બરાબર હોય તો જ વાહન ચાલકનાં નિયંત્રણ માં રહે, બ્રેક ફેઈલ થયેલું વાહન ક્યારે અકસ્માત સર્જીદે તે કહી શકાય નહી. પરિવાર પર પણ બ્રેક હોય તો જ સારી રીતે ચાલી શકે છે. બ્રેક વગરનો પરિવાર એટલે શાંતિને બદલે ઘોંઘાટીઓ પરિવાર.

આશાંતિ ને રાકેનારી બ્રેક એટલે સારા સંસ્કાર. આજે કે.જી. માં ભણતા છોકરા માટે આપણે હજારો ખર્ચીયે છીએ. લાખો રૂપિયા ખર્ચીને પણ બાળકોમાં સંસ્કાર આવશે કે કેમ એ પ્રશ્ન છે. આજે શિક્ષણ પણ પ્રોફેશનલ બની ગયું છે. એટલે શિક્ષણ અને સંસ્કારને ઘણું ખરું કોઈ સંબંધ રહ્યો નથી, શિક્ષણ માહિતીનો ભંડાર બની ગયો છે, જાણે સંસ્કાર સાથે એને કોઈ લેવા દેવા નથી.

સંસ્કાર વિનાના બાળકો એટલે બ્રેક વગના વાહન જેવા છે. વાસ્તવિક હકિકત એ છે કે જો આપણે સારા સંસ્કાર આપવા પ્રયત્ન નહીં કરીયે તો ઘરઘરમાં વસેલા સશક્ત મીડીયાઓની અસરમાં એ કુસંસ્કારી બન્યા વગર નહીં રહે.

મહાત્મા ગાંધીના જીવનમાં "સત્યનો પ્રવેશ" હરિશ્ચચંદ્રનું નાટક સાતેકવાર જોયું અને હરિશ્ચન્દ્રનું સત્ય આંખ ધ્વારા હૃદયમાં ઉતરી ગયું. એક નાટકની અસર એક માનવને વિશ્વ માનવ બનાવી શકે છે. પહેલા સંયુક્ત પરિવારમાં દાદા-દાદી, નાના-નાની, પોત્રો-પૌત્રીઓને બેસાડી મહાપુરૂષોની જીવનની કથાઓ વાર્તાઓ સંભળાવતા તેનાથી બળકોના મનમાં સંસ્કાર પડતાં.

વિજ્ઞાનનો સિધ્ધાંત છે સો સિધ્ધાંત એક દૃષ્ટાંત જે વાતો ... લેકચરોથી ન સમજાવી શકાય તેવી વાતો માત્ર એક દૃષ્ટાંત નજર સામે બતાવવાથી સમજાય.

આપણે ત્યાં પાઠશાળાઓ ચાલે છે પણ આપણે એને સૂત્ર પાઠ ગોખવવાની પ્રવૃત્તિ સમજીયે છીએ. હવે સંસ્કાર શાળાઓમાં આધુનિક સાધનોની મદદ થી શક્ય એટલું વધુમાં વધુ જ્ઞાન, સંસ્કારિક જ્ઞાન આપવા પ્રયત્ન થાય તો પાઠશાળાની શકલ બદલાઈ જાય.અનેક પ્રકારની સ્પર્ધાઓ, બૈધિક ગેમો, ધર્મને સ્પર્શતા સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરી શકાય, જેનાથી બાળકો માં સારા સંસ્કાર આવે અને સંસ્કાર શાળામાં બાળકોને જવાનું મન થાય.

**જયાબેન મગનલાલ મારૂ**


**SRI RIDHI SIDHI SNACKS & KHAKRAS**

*Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mini Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.*

***New Arrival* : Roasted Kurkure 0% Colestral - Chana Jor, Moong Jor, Masoor Jor, Bajra Masala, Wheat Flakes, Potato Chips, Cheese Balls etc...**

CONTACT : # 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,Tilak Road, Hyderabad-1

**Ph : NITIN GALA - 99630 10657, SUNITA GALA - 94408 75034**

**BULK ORDER FREE HOME DELIVERY** (જા.ખ.)

# DIPTI CHHEDA'S

# CONCEPT CLASSES for CA - IPCC

***Highest marks in A/c 92, Costing - 87, Taxation - 78** in May 2013 Batch.*

**OUR SPECIALITIES**

- Printed notes in work book form for every subject.
- Flow chart notes for Accounting Standards.
- Booster revision classes on projector and Booster test series before exam.
- Weekly class test with Suggested answers and detailed feedback.
- AC Classroom with full infrastructure.
- 30 Students in 1 batch.

**Costing FM Batch for November13 - Starting on 10-9-2013**

**Group II Crash Course - Starting on 15-10-2013**

***Booster Test Sen's Starting from 10-10-2013***

***CONTACT : 93943 93770***

*Conceptual Teaching - A way towards excellence*

(જા.ખ.)

**નિબંધ હરિફાઈમાં પ્રથમ આવેલ કૃતિ**

# પહેલુ સુખ તે જાતે નર્યા

રાતે વહેલા જે સૂઈ, વહેલા ઉઠે વીર
બળ, બુદ્ધિ ધન વધે, સુખમાં રહે શરીર.

આપણાં ગુજરાતના પ્રખ્યાત કવિ દલપતરામજી આવું કહી ગયા છે. જો કે વિશ્વની દરેક ભાષાઓમાં આ વાત કોઈ ને કોઈ રીતે કહેવાઈ જ છે. શરીર આપણા આત્માનું ઘર છે. એની સંભાળ રાખવી એ આપણું મુખ્ય કર્તવ્ય છે. શરીરને સાચવવા, સંભાળવા, પ્રાચીન ઋષિમુનીઓએ જે આરોગ્ય નિયમો બાંધ્યા છે. તે આ મોબાઈલ યુગમાં આપણે ધોળીને પી ગયા છીએ.

શરીરના રોગોમાં થી ઘણાખરા આપણી બેદરકારીથી જ થાય છે. આજે આપણી પાસે પૈસો વૈભવ હોય પણ જો શરીરમાં ડાયાબીટીશ, બ્લડપ્રેશર, વધેલુ કોલેસ્ટ્રોલ જેવી બાદશાહી બિમારીઓ ઘર કરી જાય તો ખાવામાં કેટલાં બંધન આવી જાય છે. સામે બત્રીશ પકવાન થી ભરેલુ થાળ હોય, પણ એને ખાલી નજરોથી જ માણવો પડે છે. (કેવી લાચારી ?) તો બીજી બાજુ સ્વાસ્થ્ય સારૂં હોય તો ગરીબ માણસ સાદા રોટલામાં પણ પીઝાનો સ્વાદ માણી શકે છે.

આ સંસારમાં બધાં સગપણો, ધન વૈભવ કરતા પણ સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની કિંમત મોટી છે. સ્વાસ્થ્ય સારૂ હશે તો આપણે આપણા પરીજનોનું પણ બરાબર ધ્યાન રાખી શકીએ. જો સ્વાસ્થ્ય સંબંધી આપણીજ ફરીયાદો હશે તો આપણું "આ થાય છે" અને "અહિયા દુઃખે છે" "ઓયમાં ઓયમાં" આ સાંભળીને માં તો શું બીજા પરિવારજનો પણ કંટાળી જાય... બોલો આ તમને ગમશે ?

તો ચાલો આજથી શરૂઆત કરીએ. સવારે સાચા સૂર્યવંશી બની એટલે જરા સમયસર ઉઠી પરમાત્માની પ્રાર્થના કરી થોડું ફરી આવવાનું (મોર્નીંગ વાકે) થોડી નિયમીત કસરતો કરવી. થોડો સમય પ્રાણાયામ અને યોગાસનોને આપવું. જુવો તમારો આખો દિવસ સ્ફુર્તિ અને ઉલ્લાસમય જશે.

એવી જ રીતે ખાણીપીણી માં પણ થોડો ફેરફાર કરી તંદુરસ્તી જાળવી શકાય છે. જિહવા માટે નહીં પણ જીવવા માટે શરીરને પોષણ મળવું જરૂરી છે. માટે પૌષ્ટીક અને સાત્વિક ખોરાક ને જ પ્રાથમીકતા આપવી જરૂરી છે. મનને મારવાની પણ જરૂર નથી. જંકફુડ પણ ક્યારેક ક્યારેક આંખ આડા કાન કરી ચલાવી લેવું જરૂરી છે. પણ અતિરેક ન થવું જોઈએ. બધુ પ્રમાણસર અને માફક લેવામાં આવે તો નડતું નથી. આપણુ અનુકરણ બાળકો કરવાના જ છે તો એમણે ખોરાક અને નિયમિત વ્યાયામ વિશે ખરી સમજણ આપવી એ બહુ જ જરૂરી છે.

તો ચાલો દોસ્તો સંસારસાગર ને પાર કરવા હોડીરૂપી આપણા શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવીએ તો શરૂઆત પોતાનાથી જ શું કામ નહીં ? કેમકે "પહેલુ સુખ તે જાતે નર્યા" "આપણે સ્વસ્થ તો પરિવાર અને સમાજ સ્વસ્થ".

**ચંદન હરીશ હરીયા**

## કબીર વાણી

સહજ મિલા સો દુધ બરાબર
માંગ લીયા સો પાની
ખીંચ લીઆ સો રક્ત બરાબર
એસી કબીર વાણી


UDAAN
ek koshish
Presents
2 Days of
Dussehra and Diwali Shopping
Exhibition Cum Sale
Designer Dresses
Fashion
Accessories
Footwear
Jewellery
Gifts & Novelties
Home Decor
Designer Diyas etc.
7 & 8
OCTOBER'13
KUTCHHI
BHAVAN
RAMKOTE
TIME
10 am to 8 pm
For Stall Booking Contact :
Sangeetha Bansal (9246508306) | Sushma Pitti (8121174282)

ઝગડો મડદું છે... જયાબેન મગનલાલ મારૂનો ખુબ જ સુંદર લેખ... ઓગસ્ટ'૧૩ ના નિયાંપોમાં વાંચ્યો લેખકને- સંપાદક મંડળને અભિનંદન...

વાંચવામાં સારા લાગતા આ લેખની વાતનો આપણે જીવનમાં/વ્યવહારમાં અમલ કરવાની કોશીષ કરીએ છીએ કે નહી ?

માણસ, I, myself, "હું" પણાના અંહકારમાં, અમે અને તમે, અમારૂં અને તમારૂં થી આગળ "આપણા" સુધી પ્હોંચી શકતો નથી અને પોતે "મડદું" થઈ જાય ત્યાં સુધી રાગ, દ્વેષ અને વેર ભાવને તજીને હળવો થઈ શકતો નથી...

***"ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે ॥***
***મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજઝં ન કેણી ॥"***

સર્વ જીવોને હું ખમાવું છું, સર્વ જીવો મારા અપરાધને ખમજો-માફ કરજો. મારે સર્વે જીવોની સાથે મૈત્રી ભાવ છે. કોઈ જીવની સાથે મારે વૈરભાવ નથી એવી ભાવના... **ક્ષમાપનાના** મહા પર્વ પર્યુષણ સમયે આપણે સૌ શુધ્ધ અંતઃકરણપૂર્વક ભાવીએ...

**– પ્રદિપ કેશવલાલ સંઘવી**

## કાલકરે સો આજ કર, આજ કરે સો અબ

આજ તમારી છે. ગઈ કાલ તમારા હાથમાંથી સરકી ગઈ છે.
ગઈકાલ ને તમે જે આપ્યું હશે એટલું જ એની પાસે હશે.
તેનાથી વધુ કાંઈ હશે નહીં, આવતી કાલ કેવી હશે તેની કોઈ
ાતરી નથી. આવતી કાલ, તમારી હશે કે નહીં તે તમે જાણતા નથી.
પણ આજ તમારી છે અને તે તમારા હાથ ની વાત છે. તમે ઈચ્છો
તેવું આજે જીવી શકો છો. આજે તમે ઈચ્છો તેટલો લાભ તમારો.
તમે તમારા માર્ગ માં આવનાર સહુ કોઈને સુખી બનાવી શકો છો.
તમે કલ્યાણ પણ કરી શકો છો. આજનો દિવસ અગત્યનો છે. આજનો
ઉપયોગ કરો. સદ્‌ઉપયોગ કે કુરઉપયોગ એ તમારા હાથની વાત છે.
આજે સમજી વિચારીને આચર કરો તો આવતી કાલ પણ તમારી હશે.
અને શક્ય હોય તો ગઈકાલ નો અનુભવ પણ યાદ કરજો તો આજ સુધરી જશે.

**લહેરચંદ ટોકરશી લોડાયા**

## ભારતની સોનાની ભૂખ

ત્રિમાસિક એપ્રિલ - જુન ૨૦૧૩માં, દેશમાં ૩૩૮ટન સોનાની આયાત થઇ હતી. દુનિયામાં સોનાની આયાતમાં ચાઇનાએ આજ ત્રણ માસમાં ૨૫૭ટન, એમેરિકા ૪૪ ટન તેમજ અન્ય દેશોએ ઓછા વત્તા પ્રમાણમાં આયાત કરેલ.

**વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના રીપોર્ટ મુજબ**

# ભૌતિકતા : હવે અટકીએ...

આપણી ઉચ્ચ સંસ્કૃતિને ભુલાવી, સંવેદનાહીન બની ફક્ત ભૌતિક્તાને અગ્રક્રમ આપી, આપણી સ્થિતિ અવકાશમાંથી ધરતી તરફ ખાબકતી ઉલ્કા જેવી છે જેના નુકસાનનો વ્યાપનો એ ધરતી પર પછડાય ત્યારેજ ખબર પડે.

આપણામાં કહેવાત છે જેવું વાવીએ, તેવું લણીએ, આજે આપણે ગ્લોબલાઇજેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ જેવા ભારેખમ શબ્દો નિચે દબાઇને પ્રેમ, સંવેદન, લાગણી, હુંફ, સ્નેહ જેવા સાદા સરળ શબ્દો ભૂલી ગયા છીએ. એક સર્વેક્ષણના આધારે એવું તારણ કાઢવામાં આવ્યું છે કે ભારતની ૩૨ ટકા વસ્તી ડીપ્રેશન નામના અતિભયાનક મનોરોગથી પીડાઇ રહી છે. જેની હકીકતમાં કોઇ દવા નથી અને અગર છે તો માણસના મગજને ડલ અને વિચારશૂન્ય બનાવી માનસિક રીતે અપંગ બનાવી દે છે, જેના માટે જવાબદાર છે આપણી આંધળી ભૌતિક દોડ.

આજે એક નાનકડા દોઢથી બે વર્ષના અબુધ, નિસહાય, પ્રેમ, હુંફ અને માનો ખોળો ઝંખતા બાળકને આપણે પ્લેગ્રુપ કે નર્સરીમાં મોકલી આદર્શ માતાપિતા હોવાનો ગર્વ અનુભવીએ છીએ. ચાપ-પાંચ વર્ષના બાળકને અનેક ક્લાસેસમાં પરાણે મોકલીએ છીએ, એ ત્યાં જવાની આનાકાની કરે તો આપણે એને અનેક જાતના પ્રલોભન આપીએ છીએ અજાણતા જ આપણે એને લાંચના પાઠ ભણાવીએ છીએ. હદ તો ત્યારે થાય છે જ્યારે ચાર-પાંચ વર્ષના બાળકને આપણે ચેસ રમવાના વર્ગમાં મોકલાવીએ છીએ, કારણ નર્સરીમાં કે સ્કૂલ ઇન્ટરવ્યુમાંએ જરૂરી હોય છે. ચેસના મોહરાનો ઘોડો અઢી ડગલા ચાલે, હાથીની ચાલ સીધી હોય છે એ શીખતા બાળકને જોઇને આપણને આપણા વડીલોએ પોતે ઘોડો બની આપણને પીઠપર બેસાડી તબડક-તબડક અવાજ કરી લાડ લડાવ્યાએ કેમ યાદ નથી આવતું? કોઇક રવિવારે ઝુ પાર્ક કે સરકસમાં જઇ લાંબી સુંઢવાળા હાથીની ઓળખાણ કરાવનારા આપણા વડીલો પાસેથી મેળવેલા સાચા પ્રેમના હકદાર શું આપણાં બાળકો નથી? આપણે જ્યારે એમનું બાળપણ છીનવી લઇએ છીએ ત્યારે આપણે એમની પાસેથી શું અપેક્ષા રાખી શકીએ?

આજે કરોડોના ખર્ચે બનેલી આકર્ષક જાહેરાતો, છળ-કપટ અને પ્રપંચોથી ભરેલી ટી.વી. સિરિયલો અને તેના જાજરમાન સેટ્સ જોઇને આપણે અંજાઇ જઇએ છીએ અને અજાણતાજ આપણા માનસ પર અને વ્યવહારમાં એના દૂષણો વણાઇ જાય છે. જે પરસ્પર પ્રેમ અને લાગણીને બદલે ઈર્ષા, શંકાઓ, રાગ દ્વેષને જન્મ આપી સંબંધોમાં તિરાડા પાડે છે.

લખવા બેસીએ તો એનો અંત નથી, કેટલાએ પાના ભરાઇ જાય પણ એક હકીકત વિચારવા જેવી ખરી કે ભૌતિકવાદમાં સુખ શોધતા આપણે ખરેખર સુખી છીએ? સાચા સુખને તો વર્યા હતા આપણા વડીલો, જેઓ મહેનત કરી બાળકોને નિર્મળ પ્રેમ અને સાચા સંસ્કારો આપતા, સંબંધોની મીઠાશ જાળવી રાખતા પશુપક્ષીઓને ચારો, રોટલા-ચણ આપીને નાની ઓરડીમાં પણ દરિયા જેવા દિલથી મીઠા આવકાર સાથે એક-બીજાના સુખ દુઃખના સાથી બની સાદી પણ સ્વાભિમાન અને ખુમારી ભરી જિંદગી જીવી સંતોષનો ઓડકાર લેતા.

ટૂંકમાં ભૌતિકવાદ અને ઉપર છલ્લી સુંદરતા પામવાની દોડમાં હાથના કર્યા હૈયે વાગ્યા જેવી પરિસ્થિમાંથી પસાર થવું પડશે.

**દિનેશ કલ્યાણજી ગોસર**

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

અમારા મલાડગામ રહેતા માનવંતા ગ્રાહકોનાં આજથી તા. ૧૫ સપ્ટેમ્બર થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી તૈયાર તથા ઓર્ડરની સાડીઓ પર 10% થી 15% નું ડીસકાઉંટ.

- સાદી/ડેકોરેટેડ કલમ અને ફેંક કલમ સાડીઓ, ચણીયા ચોળી.
- વીવર્સ/ડેકોરેટેડ ઘરચોળા, ઓર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા કેન્વીવર્ક સાડીઓ.

[illegible] મલાડ (વે), મુંબઈ-૬૪. [illegible]

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**



# Navratri Special sale of Traditional



## KURTIS
## BANDHEJ DRESS MATERIAL
## & ORNAMENTS

**Time : 10 am - 6 pm**

**Contact : KINNARI SAVLA - 9966994527**

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

**મીચ્છામી દુક્કડમ**

અમારા માનવતા યાત્રીકો, દાતાઓ શુભેચ્છકો નું જાણતા અજાણતા મન દુખવાયુ હોય તો સમસ્ત શ્રી સંઘ, ધુરંધા કાર્યકર્તાઓ સંચાલક મંડળવતી હાર્દીક મીચ્છામી દુક્કડમ.

રાબેતા મુજબની પહેલા રવિવાર તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૩ ની શ્રી કુલપાકજી ની યાત્રા તા. ૨-૯-૨૦૧૩ થી શ્રી પર્વ પર્યુષણની શરૂઆત કારણે મુલત્વીરાખી હવે રવિવારના ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૩ના ચૈત્યપરીપાટીનું આયોજન કરવામાં આવેલ છે. મર્યાદીત ફક્ત બે બસોની વ્યવસ્થા છે. તથા ચૈત્યપરીપાટી પ્રસંગે નકરો રૂા.૨૫૦/- રાખવામાં આવેલ છે.

રવિવાર તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૩ના સવારના ૫.૩૦ વાગે શ્રી જીનેશ્વરધામ મંદિરે દેવદર્શન કરી કોઠી મંદિરનું દર્શન કરશું ત્યાંથી શ્રી ચૈતન્યપુરી મંદિરે દર્શન નવકારશીનું લાભ લઈ બરાબર ૮.૦૦ વાગે શ્રી કુલપાકજી તીર્થ માટે પ્રસ્થાન કરશું. તીર્થક્ષેત્રે દેવદર્શન, પૂજાપાઠ ઈત્યાદી નિત્ય ક્રમ પૂર્ણ કરી બપોરનું સ્વામીવાત્સલ્યનો લાભ લઈ બરાબર ૧૨.૩૦ વાગે શ્રી નવગ્રહ મંદિર માટે પ્રસ્થાન કરશું. નવગ્રહ મંદિરે દેવદર્શન ચૌવિહાર પતાવી અનુકુલતા મુજબ કારવાન દાદાવાડીના દેરાસરોનું દર્શન કરશું તથા હૈદરાબાદ પાછા ફરશું.

વિશેષમાં ૧૫ જાન્યુઆરી ૨૦૧૪ થી ૨૭ જાન્યુઆરી ૨૦૧૪ આયોજીત શ્રી રાજસ્થાન તીર્થ યાત્રામાં જોડાવવા માટેની છેલ્લી તા.૩૧ સપ્ટેમ્બર ૨૦૧૩ કરેલ છે. જેનો લાભ કોઈ પણ વિચાર કર્યા વગર તુરન્ત લેશો તથા નિર્ધારિત ફોર્મ તથા નકરો આપી પોતાના નામો નોંધાવશો.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,** (શ્રી.મ.)

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**